પંચાયત સિંચાઇ વિભાગોને જુદા જુદા કામો માટે
અપાયેલ સૈધ્ધાંતિક મંજૂરીઓ રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્રક્રમાંક: પરચ/૫૧૨૦૨૨/(૧)/આઇ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૦૨/૨૦૨૨

પરિપત્ર:-

પંચાયત સિંચાઇ વિભાગો હેઠળના જુદા જુદા કામો માટે સરકારશ્રી કક્ષાએથી વિવિધ બજેટ સદરો હેઠળ બજેટ જોગવાઇઓ મંજૂર કરવામાં આવે છે અને તે અનુસંધાને આ કામોને સૈધ્ધાંતિક મંજૂરીઓઆપવામાં આવે છે પરંતુ ઘણા બધા કિસ્સાઓમાં સૈધ્ધાંતિક મંજૂરી આપ્યા બાદ ચાર થી પાંચ વર્ષનો સમયગાળો પસાર થયા બાદ પણ કામો હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવતી નથી અને આ કામોનો ખર્ચ પણ પાડવામાં આવતો નથી. કામો સમયસર પૂર્ણ ન થવાને કારણે કામોની સ્થિતિ બદલાઇ જાય છે અને કામો પર થનાર ખર્ચ પણ વધી જવાની સંભાવનાઓ રહે છે તથા કામમાં જથ્થામાં વધારા-ઘટાડા અને એકસ્ટ્રા આઇટમ જેવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

ઉક્ત વિગતો ધ્યાને લેતાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) પંચાયત સિંચાઇ વિભાગો હેઠળના કામો કે જેને સરકારશ્રી કક્ષાએથી વર્ષ ૨૦૧૬-૧૭ અને તે પહેલા સૈધ્ધાંતિક મંજૂરીઓ આપેલ છે અને કામો હાથ ધરવા અંગે કોઇ કાર્યવાહી કરેલ નથી તેની આપેલ તમામ સૈધ્ધાંતિક મંજૂરીઓ તાત્કાલિક અસરથી રદ ગણવાની રહેશે.

(૨) વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન સૈધ્ધાંતિક મંજૂરીઓ આપવામાં આવેલ છે તે પૈકી જે કામોના ટેન્ડર તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી બહાર પાડવામાં ન આવે તો તેવા તમામ કામોની આપેલ સૈધ્ધાંતિક મંજૂરીઓ રદ ગણવાની રહેશે અને સ્થળ સ્થિતિ મુજબ વિગતવાર અદ્યતન વિગતો સાથે પુન: સૈધ્ધાંતિક મંજૂરી મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.પી.બારોટ)
ઉપસચિવ (પંચાયત)
ન.,જ.સં,.પા.પુ.અને કલ્પસર વિભાગ
ગુજરાત સરકાર

નકલ સાદર રવાના:

પ્રતિ,

- ખાસ સચિવશ્રી (જ.સં), ન.,જ.સં,.પા.પુ.અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય ઇજનેર (પં) અને અધિક સચિવશ્રીના અંગત મદદનીશ , ન.,જ.સં,.પા.પુ.અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ, ન.,જ.સં,.પા.પુ.અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- અધિક્ષક ઇજનેરશ્રી, કચ્છ સિંચાઇ વર્તુળ, કચ્છ.
- અધિક્ષક ઇજનેરશ્રી, ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેરશ્રી, વડોદરા પંચાયત સિંચાઇ વર્તુળ, વડોદરા.
- અધિક્ષક ઇજનેરશ્રી, રાજકોટ પંચાયત સિંચાઇ વર્તુળ, રાજકોટ.
- સિલેક્ટ ફાઇલ.

IT Cell